# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તાઃ ૧૭/૦૫/૨૦૨૪

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સરસાણા ખાતે પ્લેટિનમ હોલમાં ‘સ્માર્ટ એજ્યુકેશન એક્ષ્પો– ૨૦૨૪’નો ભવ્ય શુભારંભ

**સ્માર્ટ એજ્યુકેશન એક્ષ્પો યુવા પેઢીને એક છત નીચે ગુજરાત અને ભારતમાં જ નહીં પણ વિદેશમાં પણ તેમની શૈક્ષણિક જરૂરિયાતો અનેકારકિર્દી સંબંધિત મહત્વાકાંક્ષાઓને પૂર્ણ કરવા વિવિધ વિકલ્પો જોવાની એક મોટી તક પૂરી પાડશે : ચેમ્બર પ્રમુખ શ્રી રમેશ વઘાસિયા**

**ચેમ્બર ઓફ કોમર્સના SGCCI Job Portalનું લોન્ચીંગ કરવામાં આવ્યું, ઉદ્યોગકારોને યોગ્ય કર્મચારી અને યુવાઓને યોગ્ય સ્થળે નોકરી મેળવવા રજિસ્ટ્રેશન કરાવવા અનુરોધ કરાયો**

**ઝિમ્બાબ્વેમાં માઈનિંગ, એગ્રીકલ્ચર, ફૂડ પ્રોસેસિંગ, ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ, સોલાર પાવર અને એજ્યુકેશન જેવા ક્ષેત્રોમાં રોકાણની વિપુલ તકો રહેલી છે : ઝિમ્બાબ્વેના ઇન્ડસ્ટ્રી એન્ડ કોમર્સ વિભાગના ડેપ્યુટી મિનિસ્ટર શ્રી રાજેશકુમાર મોદી**

**સમયની સાથે યુવાનોને અપડેટ થવું પડશે, તેઓ કોઈ એક જ જોબ પર ૨૫થી ૩૦ વર્ષ નહીં કાઢી શકે. સમયની સાથે નવી ટેકનોલોજી અને બદલાવ આવે છે, જેમાં અપડેટ થયેલો વ્યક્તિ સંઘર્ષ કરી પાર થઈ શકે છે : વનિતા વિશ્રામ વુમન્સ યુનિવર્સિટીના પ્રો–વોસ્ટ ડો. દક્ષેશ ઠાકર**

**સ્માર્ટ એજ્યુકેશન એક્ષ્પોમાં વિવિધ યુનિવર્સિટી સહિત ૨૫થી વધુ શૈક્ષણિક સંસ્થાઓએ ભાગ લીધો**

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. ૧૭, ૧૮ અને ૧૯ મે ૨૦૨૪ દરમિયાન સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ કલાક દરમ્યાન પ્લેટિનમ હોલ, સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે 'સ્માર્ટ એજ્યુકેશન એક્ષ્પો– ૨૦૨૪'નું આયોજન કરવામાં આવ્યું છે, જેનો આજથી ભવ્ય શુભારંભ થયો છે. આ એકઝીબીશન ત્રણ દિવસ દરમ્યાન સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ કલાક સુધી ખુલ્લું રહેશે.

સ્માર્ટ એજ્યુકેશન એક્ષ્પોનો ઉદ્‌ઘાટન સમારોહ શુક્રવાર, તા. ૧૭ મે ૨૦૨૪ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સેમિનાર હોલ– એ, SIECC ડોમ, સરસાણા, સુરત ખાતે યોજાયો હતો. જેમાં ઉદ્‌ઘાટક તરીકે પી.પી. સવાણી યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઇ સવાણી પધાર્યા હતા અને તેમના વરદ્ હસ્તે આ એક્ષ્પોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ઝિમ્બાબ્વેના ઇન્ડસ્ટ્રી એન્ડ કોમર્સ વિભાગના ડેપ્યુટી મિનિસ્ટર શ્રી રાજેશકુમાર મોદીએ મુખ્ય મહેમાન તરીકે સ્થાન શોભાવ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડો. કિશોરસિંહ ચાવડા, સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના ચેરમેન શ્રી ભરતભાઇ શાહ, વનિતા વિશ્રામ વુમન્સ યુનિવર્સિટીના પ્રો–વોસ્ટ ડો. દક્ષેશભાઇ ઠાકર, પી.પી. સવાણી યુનિવર્સિટીના પ્રો–વોસ્ટ ડો. પરાગભાઇ સંઘાણી, ઓરો યુનિવર્સિટીના પ્રો–વોસ્ટ શ્રી પરિમલભાઇ વ્યાસ અને વિદ્યાદીપ યુનિવર્સિટીના પ્રેસિડન્ટ શ્રી જયંતિભાઇ પટેલ આ સમારોહમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી રમેશ વઘાસિયાએ ઉદ્‌ઘાટન સમારોહમાં સર્વેને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આજે સુરત ડાયમંડ, ટેક્ષ્ટાઈલ અને સોલાર ક્ષેત્રે ઉત્પાદનમાં પ્રથમ ક્રમાંકે છે, ત્યારે શહેરના આર્થિક વિકાસ માટે જેવી રીતે ઉદ્યોગ – ધંધાઓની પ્રગતિ જરૂરી છે એવી જ રીતે સમાજના ઉત્થાન માટે શિક્ષણ ક્ષેત્રે પણ વિકાસની એટલી જ જરૂર રહેલી છે. નવી પેઢીને ગુણાવત્તાયુક્ત શિક્ષણ આપવાની સાથે સાથે પ્રેક્ટિલ નોલેજ આપવાની પણ જરૂરિયાત ઉભી થઇ છે. સુરતમાં પણ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઉપરાંત સીએફએ કક્ષાનું શિક્ષણ વિદ્યાર્થીઓને આપવું પડશે, જેથી કરીને તેઓ સંબંધિત ઇન્ડસ્ટ્રીની જરૂરિયાત પૂર્ણ કરી શકે.

તેમણે જણાવ્યું હતું કે, આજે બિઝનેસ અને ઇન્ડસ્ટ્રી તેમજ કોર્પોરેટ કંપનીઓમાં બિઝનેસ એનાલિસ્ટ, વેલ્થ મેનેજમેન્ટ, વેલ્થ ક્રિએશન, ડેટા એનાલિસ્ટ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ચાર્ટર્ડ ફાયનાન્શીયલ એનાલિસ્ટની જરૂરિયાત ઉભી થઇ છે, આથી વિવિધ યુનિવર્સિટી તેમજ શૈક્ષણિક સંસ્થાઓએ સુરતમાં વિદ્યાર્થીઓને આવા પ્રકારનું પ્રેક્ટિકલ નોલેજ સાથેનું ભણતર આપવાની દિશામાં આગળ વધવું પડશે. તેમણે વધુમાં કહયું હતું કે, સ્માર્ટ એજ્યુકેશન એક્ષ્પો યુવા પેઢીને એક છત નીચે ગુજરાત અને ભારતમાં જ નહીં પણ વિદેશમાં પણ તેમની શૈક્ષણિક જરૂરિયાતો અને કારકિર્દી સંબંધિત મહત્વાકાંક્ષાઓને પૂર્ણ કરવા વિવિધ વિકલ્પો જોવાની એક મોટી તક પૂરી પાડશે.

ઝિમ્બાબ્વેના ઇન્ડસ્ટ્રી એન્ડ કોમર્સ વિભાગના ડેપ્યુટી મિનિસ્ટર શ્રી રાજેશકુમાર મોદીએ જણાવ્યું હતું કે, ઝિમ્બાબ્વેમાં માઈનિંગ, એગ્રીકલ્ચર, ફૂડ પ્રોસેસિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, સોલાર પાવર અને એજ્યુકેશન જેવા ક્ષેત્રોમાં રોકાણની વિપુલ તકો રહેલી છે. ઝિમ્બાબ્વે સરકાર રોકાણકારોને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન, ટેક્ષમાં રાહત વિગેરે પ્રકારના ઈન્સેન્ટીવ આપે છે. ઝામ્બિયા, ઝિમ્બાબ્વે, બોટ્સ્વાના, નામિબીયા અને મોઝામ્બિક દેશો વચ્ચેનું અંતર ઓછું હોવાના સાથે જ તેઓ સડક માર્ગે જોડાયેલા છે અને આ પાંચ દેશોમાં ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરાર કરવામાં આવ્યો છે. જેથી રોકાણકારોને વધુ લાભ થઈ શકે છે. તેમણે સુરતના ઉદ્યોગ સાહસિકોના પ્રતિનિધિ મંડળને ઝિમ્બાબ્વેના આગામી ઈન્ટરનેશનલ ટ્રેડ ફેરની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું.

વનિતા વિશ્રામ વુમન્સ યુનિવર્સિટીના પ્રો–વોસ્ટ ડો. દક્ષેશભાઇ ઠાકરે જણાવ્યું હતું કે, ૨૧મી સદી જ્ઞાન ઉપાસનાની સદી છે. માણસે હંમેશા જીવનને કેન્દ્રમાં રાખીને જ્ઞાન વિશે વિચારવું જોઈએ. આજે દુનિયા વેદથી લઈને વેબ સુધી પહોંચી ગઈ છે. વિશ્વમાં માત્ર ભારત જ એક એવો દેશ છે, જ્યાં પુસ્તકોને સરસ્વતી માતા કહેવામાં આવે છે અને એ જ દેશમાં સરસ્વતી નદી વહે છે. જેનો આપણે ગર્વ હોવો જોઈએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આપણે મહાભારતમાં ભગવાન શ્રી કૃષ્ણએ આપેલા ઉપદેશને હંમેશા યાદ રાખવું જોઈએ. ભગવાન શ્રી કૃષ્ણએ કહ્યું છે કે, બદલાતા સમયની સાથે બદલવું જરૂરી છે નહીં તો વિનાશ થાય છે. આજના સંદર્ભમાં જોઈએ તો સમયની સાથે યુવાનોને અપડેટ થવું પડશે. તેઓ કોઈ એક જ જોબ પર ૨૫થી ૩૦ વર્ષ નહીં કાઢી શકે. સમયની સાથે નવી ટેકનોલોજી અને બદલાવ આવે છે, જેમાં અપડેટ થયેલો વ્યક્તિ સંઘર્ષ કરી પાર થઈ શકે છે.

એક્ષ્પોના ઉદ્દ્ઘાટન સમારોહમાં ચેમ્બર ઓફ કોમર્સના SGCCI Job Portalનું પણ લોન્ચીંગ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચેમ્બરના ગૃપ ચેરમેન દીપકકુમાર શેઠવાલાએ જણાવ્યું હતું કે, ‘ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ગત ત્રણ વર્ષથી આ જોબ પોર્ટલ પર કામ કરવામાં આવી રહ્યું હતું. આ જોબ પોર્ટલ વિવિધ ક્ષેત્રની નોકરી આપનાર કંપનીઓ અને નોકરીની જરૂરિયાત ધરાવતા યુવાનો માટે એક સુચારું પ્લેટફોર્મ છે. દક્ષિણ ગુજરાતમાં ઈન્ડસ્ટ્રીને સ્કીલ્ડ પ્રોફેશનલ્સ અને શિક્ષિત યુવાનોને યોગ્ય નોકરી મળે તે હેતુથી જોબ પોર્ટલનું લોન્ચીંગ કરવામાં આવ્યું છે. હાલમાં આ પોર્ટલ પર વિના મુલ્યે રજિસ્ટ્રેશન કરી શકાય છે. ઉદ્યોગકારોને યોગ્ય કર્મચારી મેળવવા અને યુવાઓને યોગ્ય સ્થળે નોકરી મેળવવા માટે આ પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના હાલના ઉપ પ્રમુખ તેમજ પ્રેસિડેન્ટ ઇલેકટ શ્રી વિજય મેવાવાલાએ ઉદ્દ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી હિમાંશુ બોડાવાલા, હાલના માનદ્ મંત્રી તેમજ વાઇસ પ્રેસિડેન્ટ ઇલેકટ શ્રી નિખિલ મદ્રાસી, માનદ્ ખજાનચી શ્રી કિરણ ઠુમ્મર, ઓલ એક્ઝીબીશન્સ ચેરમેન શ્રી બિજલ જરીવાલા, પૂર્વ પ્રમુખશ્રીઓ, વિવિધ શૈક્ષણિક સંસ્થાના હોદ્દેદારો તેમજ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા. સ્માર્ટ એજ્યુકેશન એક્ષ્પોના ચેરમેન શ્રી મહેશ પમનાનીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. જ્યારે ચેમ્બરની સ્માર્ટ સિટી કમિટીના કો–ચેરમેન શ્રી હાર્દિક ચાંચડે ઉદ્દ્ઘાટન સમારોહનું સંચાલન કર્યું હતું.